ગાંધીનગરસમાચાર
તા. ૨-૧૨-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

સૂરજ જરૂર ઊગશે : આશાવાદ છોડવા જેવો નથી

દેશમાં ક્રાઈમ અને સેક્સ એટલી હદે હાવી થઈ ગયાં છે કે રાજકારણ પણ વખત પૂરતું હાંસિયે ધકેલાઈ જાય છે. તરુણ તેજપાલના સેક્સકાંડનો મીડિયાએ એટલો બધો મહિમા કરે રાખ્યો કે એમાં રાજસ્થાન- દિલ્હી વિધાનસભાની ચૂંટણી અને મોદી-રાહુલના હાકલા પડકારા પણ ગૌણ બની ગયા. આ ત્રણ જ મુદ્દા- સેક્સ, ક્રાઈમ અને પોલિટિક્સ આપણા સમાજને સકંજામાં લઈ બેઠા છે ત્યારે ક્યાંક કડકડડૂમામાં મોરારિબાપુ ગુજરાતી લઢણવાળી હિંદીમાં એમની આગવી શૈલીની રામકથા પણ કહેતા હોય છે તો ક્યાંક રતુભાઈ અદાણી જેવા અઠંક સ્વાતંત્ર્યસેનાની અને સિદ્ધાંતનિષ્ઠ રાજપુરુષની શતાબ્દીની ઉજવણી પણ ચાલતી હોય છે, ક્યાંક આવા પ્રસંગે સત્યાશી વર્ષ વટાવી ચૂકેલા ગાંધીજન નારાયણ દેસાઈની 'પ્યારા બાપુ' શીર્ષક હેઠળ ગાંધીકથા પણ ચાલતી હોય છે. ભાગવત પુરુષ ભાઈશ્રી એમની વિદ્ધવતાપૂર્ણ વાણીથી હજારોની મેદનીને જીવનપર્યંત ચાલે એવું પાથેય પીરસતા હોય છે. એની સામે યોગ અને પ્રાણાયામના ઓઠા હેઠળ નર્યું રાજકારણ રમતા રામદેવ કોઈ હલકામાં હલકી કોટિના માણસને ન છાજે એવી ગલીચ આક્ષેપબાજી કરી પોતાનું જ પોત પ્રકાશતા રહે છે. દુનિયામાં ઈષ્ટ પણ છે, અનિષ્ટ પણ છે. પરંતુ કળિયુગમાં પાપનો પો'રો ચાલતો હોઈ નકારાત્મક તત્ત્વો હાવી થતાં વરતાય તો એનો અફસોસ કરવાની જરૂર નથી. સૂરજે ઊગવાનું બંધ કર્યું નથી, ત્યાં સુધી આપણે આશા છોડવાની જરૂર નથી. સારાં કામ કરનારાઓ ઢોલ પીટતા નથી, એમને તો જમણો હાથ કંઈક પુણ્યદાન કરે તો ડાબા હાથને પણ જાણ ન થઈ જાય એની ફિકર રહેતી હોય છે. અઝીમ પ્રેમજી જેવા ઉદ્યોગપતિ એની સંપત્તિનો મોટોભાગ ખેરાતમાં વાપરે છે. ઈસ્લામ ખેરાતમાં માને છે તો આપણા શાશ્વત ગ્રંથ ગીતામાં તો સ્પષ્ટ સંદેશ છે. જે પોતાના માટે રાંધે છે તે નર્યું પાપ જ ખાય છે. આ કૃષ્ણવાણી છે. ગાંધીજીએ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની પ્રેરણા ક્યાંથી લીધી તેનું પિષ્ટપેષણ કરવાની જરૂર નથી. ટોલ્સ્ટોય અને રસ્કિન કે થોરોનું નખ્ખોદ નથી જ નીકળી ગયું. એમની લઘુ આવૃત્તિઓ આજે પણ સક્રિય છે. ગાંધી વિચારએ ગાંધીનો મૌલિક આવિષ્કાર નથી. એ શાશ્વત સત્યને કસોટીએ ચડાવ્યા પછી વ્યક્ત થયેલું દર્શન છે. એ દર્શન ક્યારેક વાલ્મીકીએ તો ક્યારેક વેદ વ્યાસે, ક્યારેક નરસિંહ મહેતાએ તો ક્યારેક ઈસુએ, મહંમદે, બુદ્ધ કે મહાવીરે પોતપોતાની રીતે રજૂ કર્યું જ હતું. મુંબઈમાં એક વરિષ્ઠ પત્રકાર ધીરુભાઈ પારેખે વ્યાશી વર્ષની પાકટ વયે સેક્સ, ક્રાઈમ અને પોલિટિક્સથી સર્વથા મુક્ત એવા ગુજરાતી માસિક 'ઉપવન'નો સૂત્રપાત કર્યો છે, તે જ શું સૂચક નથી? આજે ધુંવાધાર માર્કેટીંગના જમાનામાં આવું સત્ત્વશીલ માસિક ચલાવવું એ કેટલું કપરું છે! છતાં, આવાં સીધાં ચટાણ ચટવાનું સાહસ વ્યાશી વર્ષનો એક જુવાન ડોસલો કરી શકે છે તે શું આસાયેશ પ્રેરક ઘટના નથી? આપણે કેટકેટલા નકારાત્મક સમાચારોથી ઘેરાયેલા રહીએ છીએ! એમાં આપણો એક તપસ્વી સર્જક નામે નાનો છતાં કર્મે મોટો નાનાભાઈ જેબલિયા ત્રણ ત્રણ વરસ લકવાગ્રસ્ત રહી આંખ મીંચે છે ત્યારે એને અંજલી આપવા જેટલું પણ સૌજન્ય ચૂકી જવાય તે કેવું હૃદયવિદારક છે!

એઈડસ એ એકવીસમી સદીનો ભયાનક રોગ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો માનવજાતને સહયોગ હોવા છતા પણ એઈડસના રોગને નાબુદ કરી શકાય તેવી દવાઓ શોધી શકાઈ નથી. જેથી આજે વિશ્વ એઈડસ દિવસ નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ કલબના વિદ્યાર્થીઓ માટે એઈડસના રોગ અંગે સમજ આપતું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને એઈડસ વિષયક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ ૬ ૩ જેટલી સ્લાઈડો બતાવવામાં આવી હતી. કાર્યક્રમમાં સેકટરના વસાહતીઓએ ઉત્સાહપૂર્વક પ્રદર્શન નિહાળ્યું હતું અને જરુરી માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં નિસર્ગના શિવાંગ પટેલ અને હાર્દિક મકવાણાએ સહયોગ આપ્યો હતો.

અમદાવાદમાં વિશ્વ એઈડ્સ દિવસે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન

અમદાવાદ,તા. ૧

પહેલી ડિસેમ્બરના દિવસે દર વર્ષે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એચઆઈવી ઈન્ફેકશનના ફેલાવાના કારણે થતા એઈડ્સ રોગચાળાના સંદર્ભમાં જાગૃતિ ફેલાવવાના હેતુસર વિશ્વ એઈડ્સ દિવસ મનાવવામાં આવે છે. સરકાર અને આરોગ્ય વિભાગના અધિકારીઓ આ દિવસે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન એઈડ્સના વિષયો પર કરે છે અને લોકોમાં જાગૃતિ જગાવે છે. વિશ્વમાં અઢી કરોડથી વધુ લોકો આ બિમારીનો શિકાર થઈ ચુક્યા છે. કરોડો લોકો હજુ પણ આના સકંજામાં છે. એઈડ્સના દર્દીઓના મામલામાં આફ્રિકા પ્રથમ ક્રમાંક પર અને ભારત બીજા સ્થાન પર છે. ભારત હાલમાં લાખો દર્દી ધરાવે છે. પ્રતિદિન આની સંખ્યા સતત વધી રહી છે. ભારતમાં પ્રથમ દર્દી ૧૯૮૬માં મદ્રાસમાં ઓળખાયો હતો. વિશ્વમાં સૌથી મોટા અને વિનાશકારી કિલર તરીકે ગણવામાં આવે છે. આંકડાઓ પરથી આ બાબત સાબિત થાય છે. એઈડ્સના કારણે ૧૯૮૧થી ૨૦૦૭વચ્ચેના ગાળામાં ૨૫ મિલિયન લોકોના મોત થઈ ચુક્યા છે. અથવા તો અઢી કરોડથી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ૨૦૦૭ના આંકડા મુજબ વિશ્વભરમાં એઈડ્સગ્રસ્ત લોકોની સંખ્યા ૩૩.૨ મિલિયનની આસપાસની હતી. બાળકોની સંખ્યા પણ આમાં રહેલી છે. ઓગસ્ટ ૧૯૮૭માં સૌથી પહેલા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદથી આની શરૂઆત કરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્રે પણ ૧૯૯૬માં આને પરંપરાગતરીતે યોજવાનો નિર્ણય કર્યો હતો.



દારૂ પીવાથી થતી ખરાબ અસરો અંગે રોલ પ્લે નાટક ભજવાયું

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા ચાલતી સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ દ્વારા દારૂ પીવાથી થતી ખરાબ અસરો અંગે આદિવાડા ખાતે 'રોલ પ્લે' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દારૂ એ દૂષણ છે અને દારૂ પીવાથી આર્થિક અને શારિરીક નુકશાન થતું હોય છે. તેથી દારૂ છોડવા માટે શુ કરવું જોઈએ તે બાબતોને રોલ પ્લે દ્વારા નર્સિંગ કોલેજની વિદ્યાર્થિઓએ ભજવી હતી. અને ગામના લોકોએ દારૂ નહિ પીવાની નેમ લીધી હતી. આ કાર્યક્રમમાં આચાર્ય રવિનાબેન ક્રિશ્ચિયન, ભાવિષાબેન પટેલ અને કમલ પંડિત દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

મેળાનો મને થાક લાગે નાટકમાં ગાંધીનગરના કલાકારો પરફોર્મ કરશે

ગાંધીનગર, તા. ૧

કુમ કુમ કલાગ્રુપ ગાંધીનગર દ્વારા સંગીન નાટક અકાદમી નાટ્ય સ્પર્ધામાં ગાંધીનગરના કલાકારો 'મેળાનો મને થાક લાગે' તા. ૨ ડિસેમ્બર સોમવાર રાત્રે ૮ કલાકે જયશંકર સુંદરી હોલ અમદાવાદ ખાતે રજુ કરશે.

'મેળાનો મને થાક લાગે' નાટક ગાંધીનગરના વિભા ઠક્કર, અદિતી ત્રિવેદી, મહેશ પ્રજાપતિ, લવ રાવત, પાલા ગઢવી, પ્રતિક રાણા, પરી પટેલ, ભાર્ગવ પટેલ, મીના અડાલજા, જૈની વસાવડા, જુગલ મકવાણા, ધ્વની ત્રિવેદી, નિકેત સોલંકી, શ્રુતિ ત્રિવેદી, હેમંત દવે ભજવશે. જેનું સંચાલન બિમલ પાટીલ દ્વારા કરવામાં આવશે.

હરિની દૃષ્ટિ...

બહેન મળો ઓળખ્યો, દર વર્ષે આમળા આપવા આવતો હતો તે છું... હવે મલ્ટી - નેશન કું નું ચ્યવનપ્રાશનું માર્કેટીંગ કરું છું... લેશો ??

હેરિટેજ વીક નિમિત્તે

પાલડી સંસ્કાર કેન્દ્ર ખાતે પ્રાચીન દુર્લભ સિક્કાઓનું પ્રદર્શન યોજાશે

અમદાવાદ, તા.૧

અમદાવાદ ખાતે હાલમાં ઉજવાઈ રહેલ હેરિટેજ સપ્તાહ નિમિત્તે ભારતના સાંસ્કૃતિક વારસાને શહેરમાં ઉજાગર કરવાના હેતુથી પૌરાણિક ચીજ વસ્તુઓના કલેકશનના શોખીન સમીર પંચાલ દ્વારા જુદા જમાનાના પ્રાચીન ચલણી સિક્કાઓના દુર્લભ સંગ્રહનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા. ૪ ડિસેમ્બરથી ૯ ડિસેમ્બર ૨૦૧૩ દરમિયાન સવારે ૧૧ થી સાંજના ૮ વાગ્યા સુધી પાલડી સંસ્કાર કેન્દ્ર ખાતે આવેલી પ્રદર્શન ગેલેરીમાં યોજાશે. આ ઉપરાંત તારીખ ૩જી ડિસેમ્બરે સાંજે પાંચ વાગ્યાથી કેન્ડલ લાઈટ કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે શહેરના મેયર મિનાક્ષીબેન પટેલ સહિત આગેવાનો હાજરી આપનાર છે. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝના સરલાદીદી આશીર્વચન આપશે. આ પ્રદર્શનમાં પ્રાચિન દુર્લભ સિક્કાઓ ઉપરાંત જુના જમાનાના ચિત્રો, પોસ્ટકાર્ડ અને ધાતુઓની ચીજવસ્તુઓનો પણ સંગ્રહ રજૂ કરવામાં આવશે.

હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

અમદાવાદ, તા.૧

નવી દિલ્હીની હ્યુમન વેલ્ફેર ફાન્ડેશન સંસ્થા દ્વારા સ્ટુડન્ટસ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા ગુજરાત ઝોનના સહકારથી ગુજરાતના તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશનના ટ્રસ્ટી મુજતબા ફારૂકના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ગુજરાત રાજયના પૂર્વ નાણામંત્રી સનત મહેતા ગુજરાત ટુ ડેના તંત્રી એમ.એમ. તિર્મિઝી, જમાત એ હિન્દના ગુજરાતના પ્રમુખ શકીલ અહેમદ તથા તેની મહિલા પાંખના સેક્રેટરી આરિફા પરવીને હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી વર્ષ ૨૦૧૩ની એસ.એસ.સી.ની વાર્ષિક પરિક્ષામાં ઉત્તીર્ણ થનાર પ્રથમ ૧૦૦ મુસ્લિમ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને રોકડ પુરસ્કાર, સર્ટિફિકેટ તથા મોમેન્ટોઝ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતાં.

અંતમાં સમારંભના અધ્યક્ષ પદેથી બોલતા હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ એવા શ્રી મુજતબા ફારૂક સાહેબે જણાવ્યું કે આપણે જ્યારે લઘુમતિમાં છીએ તો આપણે અન્ય લોકોથી દરેક ક્ષેત્રે સવિશેષ મહેનત કરી ઉજ્જવળ પ્રગતિ સાધવી પડશે.

હિન્દી લેખક શિબિરમાં ગાંધીનગરના ગુલાબચંદ પટેલ પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૧

કેન્દ્રીય હિન્દી નિર્દેશાલય માનવ સંશાધન વિકાસ મંત્રાલય નવી દિલ્હી દ્વારા શાંતિ ગીરી શોધ સંસ્થાના તિરુવન્તમપુરમ ખાતે તા. ૨૩ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી સુધી હિન્દી નવ લેખક શિબિર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર ખાતે રહેતા ગુલાબચંદ પટેલની વરણી કરવામાં આવી છે. પટેલને ધરતી રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે પટેલે દાર્જીલીંગ અને પૂના ખાતેથી હિન્દી નવ લેખકમાં પ્રશસ્તીપત્રો મેળવ્યા છે.

દરેક મહિલા સામાજિક કાર્યકર્તાએ ડોમેસ્ટીક વાયોલન્સ એકટથી માહિતગાર રહેવું જોઈએ

સ્ત્રીઓને થતી ઘરગથ્થું હિંસા એ વિષય બહુ ચર્ચીત છે. અમેરિકામાં આ કાયદો બે દસકા પહેલા આવ્યો અને આપણાં દેશમાં આ કાયદો ૨૦૦૫માં આવ્યો. સવાલ એ નથી કે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ એ કયા દેશમાં ક્યારે અસ્તિત્વમાં આવ્યો, પરંતુ સવાલ એ છે કે અમેરિકા હોય, ઓસ્ટ્રેલીયા, બ્રિટન હોય કે ભારત હોય- ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ઘડવો પડેલ છે. આનો અર્થ એ થયો કે સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા એ એક વૈશ્વિક વિષય છે. અલગ અલગ દેશના અલગ અલગ વાતાવરણ સંદર્ભમાં તેની રચના થઈ છે. આ ખાસ એટલા માટે લખું છું કે ૧૨થી ૧૭ નવેમ્બર ૨૦૧૩ દરમ્યાન બ્રિક્સ દેશોની પરિષદ રશિયામાં યોજાઈ. જેમાં ડોમેસ્ટીક વાયોલન્સ એ વિષય બહુ ચર્ચિત રહ્યો. અત્રે વાચકોને ખ્યાલ હશે કે (બીઆરઆઈસીએસ) એટલે બ્રાઝીલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના, સાઉથ આફ્રિકા દેશોનો સમૂહ.

ભારત દેશમાંથી ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સના બીના જૈન અને શીલા કાકડેની આગેવાનીમાં કુલ છ મહિલાઓએ બ્રિક્સ પરિષદમાં પ્રતિનિધિત્વ કર્યું. અમો લખનારનો પણ આ પરિષદ માટે પસંદ કરેલ. પરિષદ પુરી થયા બાદ તેનો સંપૂર્ણ રીપોર્ટ પ્રગટ થવામાં છે જે સમય આવે આ કોલમમાં પણ પ્રસિદ્ધ કરીશું. ખરેખર આ વૈશ્વિક પરિષદનો ઉલ્લેખ કરવાનો હેતુ એ છે કે વિશ્વમાં સમયાંતરે અલગ અલગ દેશોના મહિલા પ્રતિનિધિઓ કે જેઓ મહિલા કાર્ય સાથે ખાસ કરીને જોડાયેલા છે તેઓ મળે છે અને મહિલાઓના પ્રશ્નોની વૈશ્વિક લેવલે ચર્ચા સભા યોજાય છે. ૨૦૧૩માં રશિયામાં યોજાયેલ બ્રિક્સ પરિષદમાં 'ડોમેસ્ટીક વાયોલન્સ'એ મુદ્દો ગુંજતો રહ્યો. એ શું સૂચવે છે? દરેક મહિલા સામાજિક કાર્યકર્તાએ ડોમેસ્ટીક વાયોલન્સ એકટથી માહિતગાર રહેવું જોઈએ. એનો અર્થ એ નથી કે કાયદાનો રોજ બરોજના જીવનમાં ઉપયોગ કરીને રોજીંદું જીવન ટાળી દેવું અથવા તો કુટુંબ વ્યવસ્થાને ભયમાં મૂકી દેવી. પરંતુ એનો અર્થ એ છે કે ડોમેસ્ટીક વાયોલન્સ એકટમાં જે રક્ષણ અધિકારીની જોગવાઈ કરવામાં આવે છે, સર્વીસ પ્રોવાઈડરની જોગવાઈ કરવામાં આવી છે તેનો ઉપયોગ કરીને ભયમાં મુકાયેલી સ્ત્રીને બચાવી શકાય છે.

ઉદાહરણથી આ વાત સમજીએ તો, કુટુંબ સલાહ કેન્દ્ર ઉપર એક બપોરે ફોન આવે છે. એક સ્ત્રીને તેના પતિ અને સાસરીયા માનસિક ત્રાસ આપી રહ્યા છે. ફોન કરનાર વ્યક્તિ એ સ્ત્રી પરિવાર સાથે જોડાયેલો નથી પરંતુ તેની બાજુના ફ્લેટમાં અવારનવાર આવતો જતો હોય છે. કુટુંબ સલાહ કેન્દ્ર ઉપર આવો ફોન આવતાં સલાહ કેન્દ્રની ફોન સંદર્ભે કામગીરી કરવાની જવાબદારી ઊભી થાય. કેન્દ્રના સંચાલક ફોન કરનાર વ્યક્તિને નામ, સરનામું પૂછે છે અને ફોનમાં જણાવેલી વિગત લખીને મોકલવા જણાવે છે. ફોન કરનાર વ્યક્તિ એમ કરવા સ્પષ્ટ ના પાડે છે. કેન્દ્રના કાઉન્સીલર આ વિષય સંદર્ભમાં અપાયેલ ફોન નંબર અને સરનામાવાળી જગ્યાએ તપાસ કરે છે. વ્યથિત સ્ત્રીને ફોન કરવા કોશિષ કરે છે. જવાબ મળતો નથી જેથી તેઓના સરનામે રૂબરૂ નોટિસ મોકલવામાં આવે છે.

નોટિસ મળતાં સ્ત્રીનો પતિ અતીશય ગુસ્સા સાથે કેન્દ્રમાં હાજર થાય છે અને ધમકી આપે છે કે તેઓએ શેના આધારે કેન્દ્રમાં બોલાવેલ છે? પતિ-પત્ની વચ્ચે ઉભા થતાં નાના નાના મન-દુઃખ બાબતે પત્નીએ તો ફરિયાદ કરી નથી તો પણ શા માટે કેન્દ્રમાં બોલાવવામાં આવેલ છે? આ ઘટનાનો જે ઉલ્લેખ કરું છું ત્યારે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હજી અસ્તિત્વમાં આવ્યો નહતો. પરંતુ સમાજ કલ્યાણ બોર્ડ અંતર્ગત અને સમાજ સુરક્ષા વિભાગ અંતર્ગત કુટુંબ સલાહ કેન્દ્રો અસ્તિત્વમાં હતાં અને છે. આ કુટુંબ સલાહ કેન્દ્રોનું કામ પતિ-પત્ની વચ્ચે ઉભી થયેલી તકરારને સૂલઝાવવાનું છે. પતિ-પત્ની વચ્ચે ની તકરાર કયા કયા કારણોસર ઉભી થાય છે તે સંદર્ભે પણ સતત અભ્યાસ અને ચિંતન અમો કરી રહ્યા છીએ. દરેક વર્ષને અંતે અમારી સમક્ષ આવેલા તમામ કેસોનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરીને પતિ-પત્નીની સમસ્યાઓના મૂળ શોધવાનો એક પ્રયાસ સંવેદનાપૂર્વક કરી રહ્યા છીએ. આ બધી બાબતનો હેતુ એ 'કુટુંબ બચાવો'એ બાબતે છે. ફરીથી પહેલા ભાઈની વાત ઉપર આવીએ તો,

ગુસ્સે ભરાયેલો રવી કાઉન્સીલરને જણાવતો હતો કે, 'તમે ફોનને આધારે અમોને નોટીસ કેમ કરી શકો?' હું અત્યારે કોઈ અધિકારી વિરુદ્ધ ફરિયાદ આપીશ તો તમે તે અધિકારીને પણ બોલવશો? આવી બધી બાબતોનો સામનો કુટુંબ સલાહ કેન્દ્ર અને કાઉન્સીલરોને કરવો પડતો અને હાલમાં પણ કરવો પડે છે. પરંતુ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અસ્તિત્વમાં આવતાં કેટલીક બાબતોને કાયદાનું પીઠબળ પ્રાપ્ત થયું છે જે બાબત સંદર્ભે જોઈએ તો,

જે સામાજિક સંસ્થાઓ કુટુંબ સલાહ કેન્દ્ર ચલાવે છે તેના કાઉન્સીલરોને અને આવી સમાજસેવી સંસ્થાઓને સર્વીસ પ્રોવાઈડરનો દરજ્જો સરકાર તરફથી ધોરણસર પ્રાપ્ત થયેલો છે. જેનો પરીપત્ર હજુ હમણાં જ તમામ સંસ્થાઓને પ્રાપ્ત થયેલ છે એટલું જ નહીં મહિલા અને બાળ વિકાસ કમિશ્નરની કચેરી અંતર્ગત કામ કરતા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોના કેન્દ્ર સંચાલક તેમજ સિનિયર અને જુનીયર કાઉન્સીલરોને પણ આ પ્રકારે સર્વીસ પ્રોવાઈડર તરીકે જાહેર કરાયેલા છે. આમ જુઓ તો મહિલા જગત માટે આ એક સોનેરી કિરણ ગણી શકાય. કોઈપણ વ્યથીત સ્ત્રીનો કોઈપણ પ્રકારનો પ્રશ્ન એ સંસ્થા સમક્ષ રજૂ થાય ત્યારે સંસ્થા પણ માધ્યમ બનીને વ્યથીત સ્ત્રીની વ્યથા રક્ષણ અધિકારી સુધી પહોંચાડી શકે છે.

ઘરેલું હિંસાથી વ્યાખ્યા આપણે ગત્ અંકમાં જોઈ. આ આખી વ્યાખ્યાનો અર્થ એવો થાય કે કોઈપણ સ્ત્રીને ઘરની ચાર દિવાલ વચ્ચે કોઈપણ પ્રકારે ઉભી થતી માનસિક કે શારીરિક વ્યથા. પરંતુ સવાલ એ થાય કે આવી વ્યથા અનુભવવી પડતી સ્ત્રીઓ દૂર સુદૂર ક્યાંક છે અને એવી વ્યથાઓને સાંભળીને તેનું નિરાકરણ લાવનાર સંસ્થા કે અધિકારી બીજે ક્યાંક છે. આ બે વચ્ચે સેતુ કોણ બને? કાયદાકીય જાગૃતિ સંદર્ભે સર્વોચ્ચ અદાલતથી લઈ તાલુકા કક્ષા સુધીના તમામ એકમો સતત કાર્યરત છે. એવું લાગે છે કે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કાયદાકીય બાબતો સાથે તેની કાર્યવાહી સંદર્ભે બહોળા પ્રમાણમાં જાગૃતિની આવશ્યકતા છે. આ કોલમમાં પણ કાર્યવાહી સંદર્ભે વિશેષ વિગતવાર ઉલ્લેખ એટલા માટે કરવામાં આવેલ છે કે એક સામાન્ય સ્ત્રી પણ એ કાર્યવાહી સમજી શકે.

આપણે જોયું કે કોઈપણ સ્ત્રી એ જાતે રક્ષણ અધિકારી પાસે જઈ શકે અથવા તો અન્ય કોઈપણ વ્યક્તિ પણ રક્ષણ અધિકારને આ બાબતે માહિતગાર કરી શકે. સામાજિક સંસ્થાઓ કે જેઓ સર્વીસ પ્રોવાઈડર તરીકે જાહેર થયા હોય કે ન થયા હોય તો પણ રક્ષણ અધિકારીને વ્યથીત સ્ત્રીની માહિતી આપી શકે છે. વ્યથીત સ્ત્રી પોતે જાતે રક્ષણ અધિકારીનો સંપર્ક ન કરી શકે તો સંસ્થા દ્વારા પણ રક્ષણ અધિકારી સુધી પહોંચી શકે છે. ડોમેસ્ટીક વાયોલન્સ એકટમાં કલમ- ૪માં આ માહિતી આપવા સંદર્ભે જે જોગવાઈ છે તે જોઈએ તો,

કલમ- ૪ :-

રક્ષમ અધિકારીને માહિતી આપવા સંદર્ભે તેમજ માહિતી પૂરી પાડનાર વ્યક્તિની જવાબદારી મુક્તિ સંદર્ભે.

(૧) કોઈપણ વ્યક્તિ કે જેને એવું માનવાને કારણે હોય કે ઘરેલું હિંસા ભર્યું કૃત્ય બન્યું છે, બની રહ્યું છે, કે બનવાનું છે તે સંદર્ભે રક્ષણ અધિકારીને માહિતગાર કરી શકશે.

(૨) માહિતી આપનાર વ્યક્તિનું શુભનિષ્ઠાથી કરવામાં આવેલું કૃત્ય એટલે કે માહિતી પૂરું પાડવાના કૃત્યને કાયદો રક્ષણ આપતો હોઈ તેની કોઈ દીવાની/ ફોજદારી રહેશે નહીં.

કલમનું વિવરણ :-

આ કલમમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે કોઈપણ વ્યક્તિને માનવાને એવું કારણ હોય કે ઘરેલું હિંસા થઈ છે, થઈ રહી છે અથવા બનવાની છે અને તે સંદર્ભે આવી વ્યક્તિ રક્ષણ અધિકારીને માહિતી પૂરી પાડી શકે છે. વધારામાં આકલમમાં એવું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે માહિતી આપવાથી કોઈ દીવાની ફોજદારી જવાબદારી રહેશે નહીં.

કાયદા વિશેષ સ્વરૂપ સાથે મળીએ આવતે અંકે...

કોઈપણ વ્યથીત સ્ત્રીનો કોઈપણ પ્રકારનો પ્રશ્ન એ સંસ્થા સમક્ષ રજૂ થાય ત્યારે સંસ્થા પણ માધ્યમ બનીને વ્યથીત સ્ત્રીની વ્યથા રક્ષણ અધિકારી સુધી પહોંચાડી શકે છે

મહિલા સમાજ અને કાયદો-અંક-૨૦
ડો. ભાવના કે. જોશીપુરા